[https://www.divyabhaskar.co.in/local/gujarat/ahmedabad/news/edii-signed-mou-with-bihar-government-to-strengthen-the-entrepreneurial-ecosystem-in-the-state-129424735.html](https://www.divyabhaskar.co.in/local/gujarat/ahmedabad/news/edii-signed-mou-with-bihar-government-to-strengthen-the-entrepreneurial-ecosystem-in-the-state-129424735.html)

# સમજૂતિ કરાર: રાજ્યમાં ઉદ્યોગ સાહસિકતાની ઈકોસિસ્ટમ મજબૂત કરવા EDII એ બિહાર સરકાર સાથે MOU કર્યાં

**અમદાવાદ19 કલાક પહેલા**

- ઇન્સ્ટિટ્યૂટ ઓફ આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ નવી વ્યૂહરચના યોજના સાથે ફરી કાર્યરત થશે

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (EDII),અમદાવાદે બિહારમાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા બિહાર સરકારના ઉદ્યોગ વિભાગ સાથે સમજૂતી કરાર કર્યા છે. EDII સમગ્ર રાજ્યમાં ઉદ્યોગસાહસિકતા વિકસાવવા વિવિધ કામગીરીઓ હાથ ધરાશે અને સાનુકૂળ વાતાવરણ ઊભું કરવા સપોર્ટ સિસ્ટમમાં હિતધારકોને જાગ્રત કરશે. આ કાર્યક્રમો એ પણ સુનિશ્ચિત કરશે કે ઇન્સ્ટિટ્યૂટ ઓફ આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ નવી વ્યૂહરચના યોજના સાથે ફરી કાર્યરત થશે.

## EDII બિહારના કેટલાંક વિસ્તારોમાં કામગીરી ધરાવે છે

આ પ્રસંગે EDIIના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ કહ્યું હતું કે, “અમે EDII ખાતે સમાજના વિવિધ વર્ગોને ઉદ્યોગસાહસિકતા પર સક્ષમ બનાવવા અને તાલીમ આપવા કટિબદ્ધ છીએ, જે દેશનું ભવિષ્ય છે. બિહાર સંસાધનથી સમૃદ્ધ રાજ્ય છે અને રાજ્યમાં ઉદ્યોગસાહસિકતા વિકાસના પ્રયાસો ઊંચી આર્થિક વૃદ્ધિ તરફ દોરી જશે. EDII બિહારના કેટલાંક વિસ્તારોમાં કામગીરી ધરાવે છે અને તાજેતરની કામગીરીઓ સાથે અમે રાજ્યમાં ઉદ્યોગસાહસિકતાની ઇકોસિસ્ટમ વધારે મજબૂત કરવા અગ્રેસર છીએ. અમને આ કામગીરીમાં મદદ કરવા બદલ નીતિ નિર્માતાઓ અને મુખ્ય સલાહકારોના અમે આભારી છીએ.

## બિહારમાં ઉદ્યોગસાહસિકતાના વિકાસનો માર્ગ મોકળો થશે

રાજ્યમાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાની પદ્ધતિઓ વિશે વધારે કામ કરવા ડો. સુનિલ શુક્લાએ બિહારના આદરણીય ઉદ્યોગ મંત્રી સૈયદ શાહનવાઝ હુસૈન તથા આદરણીય ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ મંત્રી ગિરિરાજ સિંહ સાથે બેઠકો કરીને

વિગતવાર ચર્ચા કરી હતી. આ બેઠકો રાજ્યમાં ઉદ્યોગસાહસિકતાના પ્રવાહને સ્વીકારી શકાય એવી રીતો અને માધ્યમો પર ચર્ચા કરવામાં મદદરૂપ થઈ હતી.ડિરેક્ટર જનરલે બિહારમાં રાજ્યના ચીફ સેક્રેટરી આમિર સુભાની સાથે બિહારમાં ઉદ્યોગસાહસિકતાના વિકાસનો માર્ગ મોકળો કરવા વિશે પણ ચર્ચા કરી હતી. આ ચર્ચા રાજ્યમાં ઉદ્યોગસાહસિકતાને નક્કર સ્વરૂપ પ્રદાન કરવા માટે કેટલાંક વ્યવહારિક પરિણામો તરફ દોરી જશે.

**વરષ્િઠ અધકિારીઓ સામે કાર્યયોજના પ્રસ્તુત કરી**

EDIIના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લા, EDIIના પ્રોજેક્ટ્સ-કોર્પોરેટ્સ વિભાગના ડિરેક્ટર ડો. રમન ગુજરાલ અને EDIIના એસોસિએટ પ્રોફેસર ડો. પંકજ ભારતીએ વૃદ્ધિ માટે રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ સામે કાર્યયોજના પ્રસ્તુત કરી હતી. MOU દરમિયાન બિહારના ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ બ્રિજેશ મેહરોત્રા, બિહારની ઇન્સ્ટિટ્યૂટ ઓફ આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પંકજ દિક્ષિત અને બિહાર ઔદ્યોગિક વિસ્તાર વિકાસ સત્તામંડળના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સંતોષ કુમાર સિંહા ઉપસ્થિત હતાં.